ARYA FIN GROUP

# ARYA FIN-TRADE SERVICES (INDIA) PRIVATE LIMITED

## પરિશિષ્ટ-6
## માર્ગદર્શન નોંધ - રોકાણકારો માટે એક્સચેંજ(સ) પર ટ્રેડિંગ કરવા માટે શું કરવું અને શું ન કરવું

**ટ્રેડ કરવાનું શરુ કરો તે પહેલા**

1. તમે સેબી દ્વારા નોંધણી પ્રાપ્ત મધ્યસ્થીઓ દ્વારા અને સાથે વ્યવહાર કરી રહ્યાં છો, તેની ખાતરી કરો. સ્ટોક એકચેંજીસ www.exchange.com અને SEBI વેબસાઇટ wwww.sebi.gov.in પર ઉપલબ્ધ યાદીમાંથી તમે તેઓની SEBI નોંધણી પ્રમાણપત્ર ક્રમાંક ચકાસી શકો છો.

2. તમે KYC ફોર્મ સંપૂર્ણપણે ભર્યું છે અને KYCમાં ખાલી જગ્યા છેકી નાંખી છે, તેની ખાતરી કરો.

3. તમે સ્ટોક બ્રોકરના હક્ક અને ફરજ, રિસ્ક ડિસ્ક્લોઝર ડોક્યુમેન્ટ, કાર્યનીતિ અને પ્રક્રિયા જેવા તમામ ફરજીયાત દસ્તાવેજો વાંચી લીધા છે, તેની ખાતરી કરો.

4. તમારા અને સ્ટોક બ્રોકર વચ્ચે સંમતિની જો કોઇ સ્વૈચ્છિક કલમો હોય તો તેને વાંચો, સમજો તેની ખાતરી કરો અને પછી હસ્તાક્ષર કરો. યાદ રાખો કે તમારા સ્ટોક બ્રોકરો વચ્ચે સંમતિથી થયેલી કલમોને તમારી સંમતિ વગર ન બદલી શકાય.

5. ટ્રેડિંગ માટે સ્ટોક બ્રોકર દ્વારા તમારા પર લાદવામાં આવતા તમામ પ્રકારના બ્રોકરેજ, કમિશન, ફી અને અન્ય દરો અંગે તેમજ સેબી/સ્ટોક એક્સેચેંજીસ દ્વારા સ્પષ્ટ કરેલી જોગવાઇઓ/માર્ગદર્શિકાઓ અંગે સ્પષ્ટતા મેળવો.

6. સ્ટોક બ્રોકર તરફથી ઉપયોગમાં લેવામાં આવેલા તમામ દસ્તાવેજોની નકલો મફત મેળવો.

7. જો તમે તમારા બેંક અને ડીમેટ એકાઉન્ટની કામગીરી સંભાળવા માટેની સત્તા સ્ટોક બ્રોકરને સોંપવા તેમની તરફેણમાં પાવર ઓફ એટર્ની (પીઓએ) લાગુ કરવા માગતા હોવ તો આ સંદર્ભે SEBI/એક્સચેજીસ દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા વાંચો.

**ટ્રાન્ઝેક્શન અને સેટલમેન્ટ**

8. જો તમે લેખિતમાં વિશેષરૂપે સત્તા સોંપી હોય તો સ્ટોક બ્રોકર ઇલેક્ટ્રોનિક કોન્ટ્રાકટ નોટ્સ (ECN) જારી કરી શકે છે. આ માટે તમારે સ્ટોકબ્રોકરને ઇમેઇલ આઇડી મોકલવો જોઇએ. જો તમે કોમ્પ્યુટરથી પરિચિત ન હોવ તો £€1૫ નો વિકલ્પ પસંદ ન કરશો.

9. કોઇની પણ સાથે ઇન્ટરનેટ ટ્રેડિંગ પાસવર્ડ શેર ન કરો.

10. સ્ટોક બ્રોકરને કોઇ પણ ચૂકવણી રોકડમાં ન આપો.

11. સ્ટોક બ્રોકરની તરફેણમાં એકાઉન્ટ પેયી ચેકથી ચૂકવણી કરો. સબ-બ્રોકરના નામે ચેક જારી ન કરશો. સ્ટોક બ્રોકર સાથે રહેલી સિક્યોરિટીઝની તમારી ચૂકવણી/ડિપોઝીટના દસ્તાવેજી પુરાવા જેમાં તારીખ, સ્ક્રિપ, સંખ્યા, કઇ બેંક/ડીમેટ એકાઉન્ટમાં અથવા તેનાથી નાણાં/સિક્યોરિટીઝ જમા કરાવવામાં આવેલ છે, વગેરે માહિતી નોંધેલ હોય તે તમારી પાસે છે તેની ખાતરી કરો.

12. નોંધો કે ટ્રેડ વેરિફિકેશનની સુવિધા સ્ટોક એક્સચેજીસની વેબસાઇટ પર ઉપલબ્ધ છે કે જ્યાં કોન્ટ્રાક્ટ નોટમાં નોંધાયેલ ટ્રેડની વિગતોની ખરાઇ થઇ શકે છે. જેમાં કોન્ટ્રાક્ટ નોટમાં નોંધેલ વિગતો વેબસાઇટ પરની ટ્રેડની વિગતોમાં મેળ ખાતી ન હોય તો તાત્કાલિક સંબંધિત સ્ટોક એક્સ ચેંજના ઇન્વેસ્ટર ગ્રિવેન્સ સેલનો સંપર્ક સાધો.

13. વર્તમાન એકાઉન્ટને ચલાવવા માટે જો તમે વિશેષ સત્તા સોંપી હોય તો, એક્સચેંજમાંથી ચુકવણી મળ્યાંના એક ચાલુ દિવસની અંદર ફંડની ચૂકવણી કે સિક્યોરિટીઝની ડિલિવરી (તેવો કિસ્સો હોઇ શકે છે) તમને મળી ન પણ શકે. આમ, નીચેની શરતોને આધિન સ્ટોક બ્રોકર નીચેનું ચાલુ એકાઉન્ટ તમારા માટે સંભાળશે.

   અ) તમારા તરફથી આવી સત્તા તારીખ આધારિત હોવી જોઇએ, માત્ર તમારી સહી હોવી જોઇએ અને એવી શરતો હોવી જોઇએ જેને તમે ગમે ત્યારે રદ્દ કરવા ઇચ્છી શકો.

   બ) તમારી પસંદગીના આધારે કેલેન્ડર ક્વાર્ટર અથવા મહિનામાં ઓછામાં ઓછા એક વખત ફંડ અને સિક્યોરિટીનું વાસ્તવિક સેટલમેન્ટ સ્ટોક બ્રોકર દ્વારા થવું જોઇએ. એકાઉન્ટને સેટિંગ કરતી વખતે, સ્ટોક બ્રોકરે તમને [એકાઉન્ટનું સ્ટેટમેન્ટ મોકલવાનું રહેશે, જેમાં ફંડ માટે ગ્રાહક લેઝરનો ઉતારો અને સિક્યોરિટી રજિસ્ટરનો ઉતારો હોય જેમાં ફંડ અને સિક્યોરિટીની તમામ રિસિપ્ટ/ડિલિવરી દર્શાવવામાં આવી હોય. સ્ટેટમેન્ટમાં એ પણ જણાવવાનું રહેશે કે કેટલું ફંડ અને સિક્યોરિટી જાળવવામાં આવી છે અને કોઇ શેર ગીરવે મૂકવામાં આવ્યો છે કે કેમ.

ક) સેટલમેન્ટની તારીખે, સ્ટોક બ્રોકર બાકી નીકળતી જવાબદારી માટે આવશ્યક સિક્યોરિટી/ફંડ જાળવી શકે છે અને આગામી 5 ટ્રેડિંગ દિવસ માટે પર્યાપ્ત રહે તે રીતે ડેરિવેટિવ્ઝની માર્જિન પણ રાખી શકે છે, જેની ગણતરી એક્સચેન્જીસ દ્વારા નક્કી કરવામાં આવેલી રીતે થશે. કેશ માર્કેટના સોદાની વાત કરીએ તો સ્ટોક બ્રોકર ફંડ અને સિક્યોરિટીની તમામ પે-ઇન જવાબદારી પોતાની પાસે રાખી શકે છે જે સેટલમેન્ટના દિવસે ગ્રાહક પાસેથી નીકળવાપાત્ર હોય અને આગામી દિવસના બિઝનેસ માટે તે એટલા પ્રમાણમાં ફંડ/સિક્યોરિટી/માર્જિન રાખી શકે છે, જેનો આધાર કેશ માર્કેટમાં આવા સેટલમેન્ટના દિવસે થયેલા સોદાના મૂલ્યના પ્રમાણમાં હોય.

ડ) તમારે એકાઉન્ટના સ્ટેટમેન્ટ અથવા સેટલમેન્ટ અંગે કોઇ વિવાદ હોય તો ફંડ/સિક્યોરિટી અથવા સેટલમેન્ટ, જે મળ્યું હોય, તે મળ્યાની તારીખથી કામકાજના 7 (સાત) દિવસની અંદર લેખિતમાં તમારા સ્ટોક બ્રોકરનું ધ્યાન દોરવાનું રહેશે. વિવાદના કિસ્સામાં, આ બાબત કોઇ પણ વિલંબ કર્યા વગર સંબંધિત શેર બજારના ઈન્વેસ્ટર્સ ગ્રિવેન્સ સેલને લેખિતમાં જાણ કરો.

14. તમે ચાલુ એકાઉન્ટ જાળવવાનો વિકલ્પ પસંદ કર્યો ન હોય અને ફંડ/સિક્યોરિટીઝની ચૂકવણી એક્સચેન્જીસ તરફથી ચૂકવણી થયાના બીજા કામકાજના દિવસે મળી ન હોય તો કૃપા કરીને આ બાબત સ્ટોક બ્રોકરના ધ્યાનમાં લાવો. જો વિવાદ હોય તો, તમે સંબંધિત સ્ટોક એક્સચેન્જના ઇન્વેસ્ટર્સ ગ્રિવેન્સ સેલને તાત્કાલિક લેખિતમાં જાણ કરો.

15. તમારા સ્ટોક બ્રોકરને તમારો મોબાઇલ નંબર અને ઇમેઇલ આઇડી આપો, જેથી ટ્રેડિંગ દિવસના અંતે SMSથી અથવા ઇમેઇલ મારફત સ્ટોક એક્સચેન્જ તરફથી ટ્રેડની પુષ્ટિ કરતા એલર્ટ/ટ્રાન્ઝેકશનની વિગત મળી રહે.

**ટ્રેડીંગ સભ્યપદ ખતમ થવાના કિસ્સામાં**

16. જો સ્ટોક બ્રોકર તેનું સભ્યપદ પરત સોંપી દે, સભ્યપદમાંથી હકાલપટ્ટી કરવામાં આવે અથવા ડિફોલ્ટર જાહેર કરવામાં આવે તો; સ્ટોક એક્સચેન્જીસ એક નોટિસ આપીને રોકાણકારો પાસેથી સ્ટોક એક્સચેન્જના માત્ર "ટ્રેડિંગ સિસ્ટમમાં કરવામાં આવેલા ટ્રાન્ઝેક્શન" અંગે ક્લેમ મંગાવશે. નિર્ધારિત સમયગાળામાં આવશ્યક દસ્તાવેજો સાથે સંબંધિત સ્ટોક એક્સચેન્જીસને તમે તેની ફરીયાદ કરો છો તે બાબતની ખાતરી કરો.

17. તમે તમારા સ્ટોક બ્રોકર સમક્ષ જે રકમ અને/અથવા સિક્યોરિટી જમા કરાવો તેના રક્ષણ અંગે વાકેફ રહો, ખાસ કરીને સ્ટોક બ્રોકર ડિફોલ્ટ થાય અથવા દેવાળું ફૂંકે અથવા નાદારી નોંધાવે અને તમે જે રકમ અને/અથવા સિક્યોરિટી પુનઃ મેળવી શકો તેના વિશે વાકેફ રહો જે ટ્રેડ જ્યાં થયું હોય તે સ્ટોક એક્સચેન્જના પેટા નિયમો અને નિયમોને આધિન હોય છે તથા સમયાંતરે લાગુ થતી રોકાણકારોના રક્ષણના ફંડની સ્કીમને આધિન હોય છે.

**વિવાદો/ફરિયાદો**

18. એ બાબતની નોંધ કરો કે આર્બિટ્રેશન કામગીરી, સ્ટ્રોક બ્રોકરો સામે કાયદેસર કાર્યવાહી અને સ્ટોક બ્રોકરો સામેની રોકાણકારોની ફરિયાદોની વિગત સંબંધિત સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ પર દર્શાવવામાં આવે છે.

19. સંબંધિત સ્ટોક બ્રોકર/સબ-સ્ટોક બ્રોકર દ્વારા તમારા મુદ્દા/સમસ્યા/ફરિયાદનો નિકાલ ન થાય તો તમે આ બાબત સંબંધિત સ્ટોક એક્સચેન્જ સમક્ષ ઉઠાવી શકો છો. જો તમે તમારી ફરિયાદના નિકાલ અંગે સંતુષ્ટ ન હોવ તો તમે SEBI સમક્ષ આ મુદ્દો ઉઠાવી શકો છો.

20. એ બાબતની નોંધ કરો કે તમામ સ્ટોક બ્રોકરો/સબ-બ્રોકરોને SEBIએ તેના ફરિયાદ નિવારણ વિભાગ/અનુપાલન અધિકારીના ઇમેઇલ ID આપવા જણાવાયું છે, જે ખાસ ફરિયાદની નોંધણીના હેતુસર છે.